તેઓને ખબર નથી.ત્યારપછી આમોદ પોલીસ સ્ટેશનમાં પણ તેઓનો જવાબ લેવા બોલાવવામાં આવેલા ત્યાંપણ તેઓએ ઈન્ચાર્જ પોલીસ સબઈન્સ્પેકટર ઝાલા સાહેબ રૂબરૂ હાજર થઈ તેઓએ જવાબ લખાવેલા કે જે સહીઓ તેઓના નામની કરેલ છે તે સહીઓ તેઓએ કરેલ નથી કોઈપણ જગ્યાએ તેઓએ સહીઓ કરેલ નથી તેઓના નામની કોણે સહીઓ કરેલી તે તેઓને ખબર નથી તેવું અરજદાર/આરોપી તેમની હાલની અરજીમાં જણાવે છે તેઓ વધુમાં જણાવે છે કે,ત્યારપછી પી.એસ.આઈ. ઝાલા સાહેબના હુકમથી તેઓની પાસેથી ૬ કાગળ ઉપર ૩૬ સહીનાં નમુના લેવામાં આવેલા ત્યારપછી એલ.સી.બી.ભરૂચની ઓફિસે તેઓનો જવાબ લેવા માટે બોલાવવામાં આવેલા ત્યાં પણ તેઓને પુછવામાં આવેલ કે "વારસાઈનાં ફોર્મમાં,પંચકાસ તેમજ પેઢીનામામાં તમારાનામે જે સહીઓ છે તે સહીઓ તમે કરેલ છે,"ત્યાં પણ તેઓ જવાબમાં લખાવેલ કે આ સહીઓ તેઓ એ કરેલ નથી કોણે કરી હશે તે પણ તેઓને ખબર નથી,એલ.સી.બી.ની ઓફીસે પણ તેઓની પાસેથી ૬ કાગળ ઉપર ૩૬ સહીનાં નમુના લેવામાં આવેલા અને જવાબ લખાવવા બદલ એલ.સી.બી.ના ઈન્ચાર્જ ભોજાણી સાહેબે તેઓને એરેસ્ટ કરેલા ત્યાર પછી અત્રેની અદાલતની કોર્ટના હુકમથી જામીન પર મુકત થયેલાનું જણાવી વધુમાં જણાવેલ છે કે જામીન પર મુકત થયા પછી ૩ થી ૪ મહીના પછી પાછા એલ.સી.બી.નાં અધિકારીએ તેઓની પાસ

` આમોદ આવીને ૬ કાગળ ઉપર ૩૬ સહીનાં નમુના લેવામાં આવેલા તેવી હકીકત આરોપીઓ/અરજદારોએ જણાવી એવી હકીકત જણાવેલ છે કે,તેઓ કેસ વિશે કંઈપણ જાણતા નથી તેમજ તેઓ કોઈપણ જગ્યાએ સહી કરેલ નથી કોણે કરી છે તે પણ તેઓ જાણતા ન હોવાનું જણાવી આ કેસમાં તેઓનો કોઈ ગુનો ના બનતો હોય આ કેસમાંથી તેઓ બન્નેના નામ રદ્દ કરવા અરજ ગુજારીને હાલની અરજી હાલના કામના આરોપી નંબર–૫ અને આરોપી નંબર–૬ ધ્વારા રજુ રાખેલ છે.

(૦૨)..આમ ઉપરોકત આ કામના આરોપી/અરજદાર નંબર–૫ અને આરોપી નંબર–૬નાઓ એ ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ–૨૩૯ અન્વયે કરેલ અરજી અને આરોપીઓ/અરજદારો તર્ફેથી વિઘ્વાન વકીલશ્રી એન.એચ.પટેલ ધ્વારા કરવામાં આવેલ અરજીના સમર્થનમાં મૌખીક દલીલને ઘ્યાને લીધી તેમજ આ કામના ફરીયાદપક્ષ તર્ફેથી વિઘ્વાન સરકારી વકીલશ્રી ધ્વારા કરવામાં આવેલ મૈખીક દલીલોને ઘ્યાને લીધી તેમજ સદર કેસના રેકર્ડ પરના દસ્તાવેજી પુરાવાને ઘ્યાને લીધા આ તમામ હકીકતોને ઘ્યાને લેતા સદર અરજીના ન્યાયીક નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## // મુદ્દાઓ //

મુદ્દા નંબર–૧ ::– શું આ કામના આરોપી/અરજદાર નંબર–૫ અને ૬ નાઓએ કરેલ ક્રિમીનલ પ્રોસીજર કોડ

